॥ શ્રી શિવ સત્યમેવ જયતે ॥

શ્રી ૧।

શ્રી શિવભક્ત આનંદ

ઉપદેશ ગાયનો.

પ્રથમાવૃત્તી. પ્રત ૧૦૦૦



શ્રી સામ્બના પ્રેમી ભક્તો માટેજ ખાસ બનાવનાર,

ચરાડી મહીપતરામ નરભેરામ. રે. પાલીતાણા.

પ્રસિદ્ધ કર્તા,
ચરાડી મનસુખરામ નરભેરામ.

સંવત ૧૯૫૩. સને ૧૮૯૭

મુંબઇ.

“ આર્ય મુદ્રાલય ” કાલબાદેવીરોડ.

કીંમત રૂ ૦—૨—૬

॥ શ્રી શિવ સત્યમેવ જયતે ॥

શ્રી ૧૧

શ્રી શિવભક્ત આનંદ

ઉપદેશ ગાયનો.



બનાવનાર,

ત્રવાડી મહીપતરામ નરભેરામ.

કીંમત રૂ૦ ૦—૨—૬

પ્રસ્તાવના.

પ્રારંભમાં શિવ સ્તુતિ વિનંતી પૂર્વક કાવ્ય હીત ઉપદેશ ગ્રહણ કરવા સારૂ પરમ કૃપાળુ સત્ય દેવ શ્રી કૈલાસવાશી કે, જેઓના અનેક નામ આ સૃષ્ટી વીશે વેદ શાસ્ત્રથી પ્રસિદ્ધ થયેલાં છે. તેમનો દીન શીશુ બાળક ઘણીજ નમ્રતાથી અર્જ ગુજારે છે.

આ ચોપડીનું નામ **શ્રી શિવભક્ત આનંદ ઉપદેશ ગાયનો** એ પ્રમાણે રાખવામાં આવ્યું છે.

આ ચોપડી શ્રી શિવજીના પ્રેમી ભક્તોના માટેજ મેં મારી અલ્પ બુદ્ધિ પ્રમાણે રચી હાલના ચાલતા વર્તમાન અનુગ્રહી અને લોક પ્રીય ગાયનો જેવાં કે જેમાં તરેહતરેહવાર નાટકમાં ગવાતા રાગ રાગણીની ઢબોથી શ્રી સામ્બની ભક્તી જ્ઞાન ગુણમય રાખવામાં આવ્યા છે. અને વળી તેની ઉપર રાગની ઢબો પણ મુકવામાં આવી છે.

પ્રેમી ભક્તો! આ ચોપડી કાંઇ પૈસા પેદા કરવાને અર્થે પ્રસિદ્ધ કરેલી નથી ફકત શ્રી સામ્બના ભક્તો માટેજ બનાવવામાં આવી છે. ને જેમાં નીરંજન નીરાકાર એવા જે શંકરપરમાત્મના નામથી આનંદ પ્રાપ્ત થાય ને વળી મનુષ્ય જન્મનું સાફલ્ય ગણાય ને મોક્ષપદ કૈલાસ વીગેરે સરવત્ર ગુણથી ભરેલા તે પ્રત્યે પામીએ.

આ અમુલ્ય રત્નમાળા કંઠ ધારણ કરનારા શ્રી સામ્બના પ્રેમી ભક્તો અવસ્ય સદા સુખી રહે છે ને તેમના મન રંજક કાર્યો વિભુ તારક સદા સાફલ્ય કરે છે એવી આશા મારા પ્રેમી રૂદયમાં જે જોડાયલી છે તે શંકર કૃપાથી સીદ્ધ છે. એવું સમજશો. ને ભક્તી ભાવ દરશનનો લાભ કદી ચુકતાજ નથી.

ગ્રહસ્થો! તમો એમ સમજતા હશો કે તે કવી હશે તો તે ખ્યાલ તદન મારાથી અજાણ્યો છે ને હું અભ્યાસમાં પણ પુરતું ગ્નાન મેળવી શક્યો નથી. હું એક ઘણોજ બુદ્ધિ હીણ મનુષ્ય તરીકે છું પરંતુ સામ્બની કૃપાથીજ બનાવ્યા છે તો તેમાં કોઇ સ્થળે કાંઇપણ અક્ષર અલંકાર તથા રહસ્વ દીર્ઘ વીગેરે ઘણીજ ખામીઓ હશે પણ શંકરના નામ રૂપી ગુણ સમાવેલા છે તેથી કરી તે ભુલચુક દીર્ઘ દૃષ્ટીવડે જોવામાં આવે તો તે સુધારી વાંચશો. ને દર ગુજર કરશો.

શ્રી પાલીટાણા નિવાસી મારા પ્રીય સ્નેહી મી૰ ગુલાબચંદ શામજીભાઈ કોરડીયા તરફથી કેટલીક ઉપયોગી મદદ મળી છે તેથી તેમનો આભાર માનું છું.

જય સામ્બ હર.

કર્તા,

લ૰ ત્રવાડી મહીપતરામ નરભેરામ.

"ॐ तत्सत्परमात्मने नमः"

શ્રી. ૧૧

પ્રારંભમાં શીવ સ્તુતિ.

જય જય જય જય જય શ્રી સામ્બ ઉમેયા પતિ;
વિજય વિજય કરો વિભુ ધુર્જટી. જય જય જય શ્રી સામ્બ૦
શ્રી શીવ શંકર સાહ્યક થઇને, રસભરી મતિઘો અંતર લઇને.
કાવ્ય કરૂં છું નમી પદ માંગી, (૨) અલ્પ બુદ્ધી અનુરાગી કુમતી ત્યાગી.
સુમતિ ઘો શીવસામ્બ, મનકામ, શુદ્ધ ઠામ, ગુણ ગાન, તાન તર્કશકિત.
જય જય૦ ૨

(કોઇ રબકી મરજી ક્યા જાને) એ રાહ.

કરો સ્તુતિ શંકર શીવ તણી; બળ બુદ્ધિ આપે તેજ ધણી.
કોઇ ઈશ કૃતિ કળી નહી જાણી, હર હર શીવ શંભુ ગુણ જ્ઞાની.
કરો સ્તુતિ૦

હું શું જાણું બાળ તમારો, સૃષ્ટીમાં છું અતિ પતીયારો.
આપ કૃપાથી કષ્ટ નીવારો, જનમ જનમ ગુણ માનુ તમારો.
એહ અર્જ કરણમાં રાખ્ય ધણી; શરણાંગત થાઉ છુ લીન બની.
કરો સ્તુતિ૦

(પ્રભુ તેરે નામકી લે મોહે લાગી એ રાહ.)

નમો સૈહું આજ આવી શીવ શરણે, શીવ શરણે. શીવ શરણે૦
વીબુધ દુઃખ હરણે. નમો સૌહું૦
વિનતી કરો કરજોડી નમીને, પ્રથમ સ્મરણ ધરો ચરણે.
સાહક થઇ શુદ્ધ સુમતિ સરવને, આપે સદા શીવ તમને. નમો સૌહું૦
ધન્ય ધન્ય દીન આજ આનંદ સરખો, નીરખી સદાશીવ હરખો.
હર હર શબ્દથી મહીમા ઊર ધરણે, આજ આનંદ ઇશ શરણે.
નમો સૌ હું૦
અલખ નીરંજન સાંબ સ્મરીએ, સ્મરણ અંતર શુદ્ધ ધરીએ.
ગુણ અગણીત સદાશીવ સ્મરણે, સહેજેજ ભવ સીંધુ તરણે.
નમો સૌહું૦

(શિખરીણી વૃત્ત, એ રાહ.)

અહો શંભુ તારી, અતિ કૃતિ કળવાને મથી મર્યો;
તથાપી હું હાર્યો શીવ પિતું શરણે નમી પડયો.
હતો શીશુ તારો પરમ રસ આપ્યો પ્રીત ધરી.
ઊછેર્યો શીવ શંભુ જનમ શીખ આપી શીવહરી.
ધરો શંભુ મારી અરજ ઉદ્ધારો મન ધરી.
કીધાં છે બહુ પાપો, જનમ દુઃખ સહ્યું બહુ અહી.

રાગ સીયાનો કનડો.

શીવજી સુણો મુજ અરજ સ્વીકારો, બાળ તહારો અતિ દુઃખીયારો.
શીવજી૦

વિનતી કરૂં છું દ્વી કર જોડી, મેહેર કરો શંભુ વિશ્રામ થોડી.
શીવજી૦
ચરણ કમળનો દાસ તીહારો, શીવજી સાગરથી મુજને ઉગારો.
શીવજી૦
છત્ર સિંહાસન જળકે છે કેવાં, ગંગ શીરોમણી શોભિત તેવાં.
શીવજી૦
ભક્ત તણી શીવ આશ છે મોટી, પુજન થકી ફળ આપજો કોટી.
શીવજી૦
શીશ નમાવી શરણે હું આવ્યો, કરૂણા કરી શંભુ કષ્ટ નિવારો.
શીવજી૦
શીવરાત્રીનો ઉત્સવ એવો, હર હર થાશે નાદજ તેવો. શીવજી૦

રાગ ચારકેઘરપરજાયેનીડરબતલાયેડગરીયાં.

સાભ્બ પર સોહે ફુલ સારાં સુંદર જળધારા ગાગરીયાં (૨)
સર્પ શીરોમણી જળ કે છતરીયાં, (૨)
આંગી અનોપમ ચળકે મંદીરીયાં, (૨)
દરશન મહેશ મમ સારા, પ્રસંગ શીવ મારા, નમે શીશ્ય તારા પુજે.
છે સજનીયાં. (૨) સાભ્બ પરસોહે૦

રાગ (કોઇ રંગીલા છબીલા ધ્રિજ બાનરી.)

મોહી તન મન જીવ શીવ લાગી રહ્યો. (૨)
જોઇ અનંત અલખ જુક જાગી ગયો. મોહી તન મન૦
તલખ તલખ મન ધડકે શીવજી, (૨)
સુદ્ધ બે નીંદ થી બની વીકળી તમારી, (૨)

નજર નિગ્હાની કરો શીવ શુભ જ્ઞાની, (૨)
તમથી મારૂ દીલ જડીત્ર મોહી તન મન જીવ શીવ.

(સધ્ગુર સધ્ગુર સધ્ગુર એ રાગ.)

ભજન ભજન ભજન ભજન ભજન શીવજી પ્યારૂરે (૨)
ભજન છે બહુ પ્યારૂરે નીરખી નેત્ર મારૂ રે (૨)
શાંન્તિ સુખ જાએ દુઃખ (૨) જરૂર જરૂર જરૂર જરૂર. ભજન.
ધરૂછું ધ્યાન એક ચિત્ત સરલ સામ્બ આપો નિત્ય (૨)
કરગરી કહું ખચીત (૨) નમીને નમીને નમીને નમીને ભજન૦
માત તાત શીવજી આપ, પાપી છું અતિ અમાપ. (૨)
ભકિત આપ ટાળે તાપ, (૨) શરણુ શરણુ. (૪) ભજન૦

(કાંઇ ચટક લગાડી. એ રાગ.)

મન ભાવી મન ભાવી છબી ત્રિપુરારી, મને લાગે અતિ પ્યારી પ્યારી.
મુર્તી અલોકીક આનંદકારી. (૨) ચડે અખંડ જળધારી. (૨)
મુજ લાગે૦
આંગી અનોપમ લાગે છે પ્યારી (૨) હૈએ વસ્યા છો વિભુધારી.
મુને લાગે અતિ પ્યારી પ્યારી.

મારા ભાગ્ય તણો નહી પાર મહીલા થાવી મારી પ્યારી એ૦

શી ભાગ્ય હીણુ તમારી થઇ છે, કર્મ મુશીબતી ભારી. (૨)
લાવ ભાવની હામ ઘણી આતુર મન ગભરાય. (૨)
દરશન પામું સામ્બ સદા, એહ આશ દીલ માંય. શી ભાગ્ય૦
આ અવસર ભવ ભટકી થાકયો, કોઇ નવ મુજ આધાર.
આશ્રય સાચો ઇશ તમારો, આશ પુરો કીરતાર. શી ભાગ્ય૦

જન્મ સફળતા થાશે મારી, શીવજી ભેળા નાથ.
શૈલજાવર ભેટું કયારે આપધામ સંગાથ. શી ભાગ્ય૦

નિદ્રાથી જાગો હવે રે, એ રાગ.

વિપતિ ટાળો મારા નાથ, (૨) છઉ બાળ અતિ અવિચાર.
વિપતિ૦
આ ભવ ટાણું કાંઈ નવ જાણું, પલઘડ હરહર નામ. (૨)
હું પાપી હું ઘાતી હું કાતી ઉતપાતી બાકી ન વિપરીત વાત.
વિપતિ૦
દીન બન્યો હું બેભાન ભુલાવી, સાન ગુમાવી મે સામ્બ.
કરો સહાય, કરો સહાય, કરો સહાય, પડુ પાય લાચાર છું શીવ તાત.
વિપતિ ટાળો૦

(જોબનના રંગમાં ઝુલે એ રાગ.)

સુણો સામ્બ સદાશીવ અરજી, (૨)
રંક બન્યો આ બાળ તહારો, સહાય થાઓ મમ શીવજી.
સહાયતા શીવજી. સુણો સામ્બ૦
નમન કરું છું દ્વી કર જોડી શરણુ નમુ તમ પાસ. (૨)
બાળ તમારા અરજ કરે છે ધર્મ જ્ઞાની છો શીવજી. સુણો સામ્બ૦
છો શીવ શંભુ તારણ સીંધુ શ્રષ્ટીસરવ રચનાર (૨)
પામર જીવડા પાર ઉતરવા કરે કર્મની કરજી. કર્મની કરજી. સુણો સામ્બ૦
પાપ તણા ભંડારજ ભરીયાં માફ કરો મમ સામ્બ. (૨)
તમ વીણુ બારી કોઇ નવ દીઠી મોક્ષદ્વાર દ્યો શીવજી.
દ્વાર દ્યો શીવજી. સુણો સામ્બ૦

(રેના બોલો આવી વાત, એ રાગ.)

તુહી તુહી પામ્યો આજરે (૨) દીલ મારૂં કંપાય રે. તુહી તુહી૦
કલંક કાળો ડાગ રે, આ કાળ કરણુ શીર ધાત.
સમજો સજ્જન આ વાત કહું વિનવી સૌહુને સાથ રે. તુહી તુહી૦
હું દાસ સદા છું પાસ નમી માગું શીવજી મ઼ફ.
મન માયા મોહ ઝંજાળરે. તુહી તુહી૦

(ડરમા તું દીલ સાથ છોકરા, એ રાગ.)

શીવ ભવ દુઃખ ભંજન હાર સદાશીવ ભવ દુઃખ ભંજન હાર. (૨)
કરૂ વિનતી એ વારંવાર સદાશીવ ભવ દુઃખ ભંજન હાર.
શીવજી તીહારી, કૃતિ છે ન્યારી. (૨)
સર્વથી શ્રેષ્ટ છો શંભુ આવારી, શીરપર શોભિત ગંગ ફુહારી,
મુર્તી સોહે છે આનંદકારી, ભસ્મ તણી શીવ ત્રિપુંડધારી;
હે શીવ આ સૃષ્ટીને ઉત્તપંન કરનાર કોણુ શંકર તમે એકજ.
તમે ગૌબ્રાહ્મણુ પ્રતિપાળ હજી શીવ ગૌબ્રાહ્મણુ પ્રતિપાળ. સદાશીવ૦
તમે કૃપાળુ દીન દયાળુ, (૨)
શીવજી ચરણુનો દાસ કહાવું, દ્વી કર જોડી શીશ નમાવું.
શક્તિ થકી શીવ ભક્તિ બનાવું, આપ કૃપા થકી મુક્તિને પાવું.
હે શીવ મારા જેવા ભાગ્ય હીણુને, તારનાર કોણુ શંકર તમે એકજ.
તમે ભકત તણા આધાર, હજી શીવ ભક્ત તણા આધાર સદાશીવ૦

કયાંથી આ સંભળાય મધુર સ્વર, એ રાગ.

ધરો સદાશીવ ધ્યાન નાથનું, ધરો સદાશીવ ધ્યાન. (૨)
અખિલ વિશ્વનું જ્ઞાન, નાથનું ધરો સદાશીવ ધ્યાન.

છે સુખદાયક સામ્બ સદાશીવ ભોળા નીરંજન નાથ. (૨)
નાથનું ધરો૦
સહાય કરે છે સંકટ સમયે, ભકત જનોને કાજ. (૨)
નાથનું ધરો૦
તે માટે શીવ શીવ ભજો હૈએ, કાયા છે કંકણુ હાર. (૨)
નાથનું ધરો૦
અમુલ્ય દેહીને વૃથા ભટકાવો એહી છોડો અભીમાન. (૨)
નાથનું ધરો૦

કરૂં કુરબાન અપની જાન, એ રાગ.

નમો સૌહુ આજ શીવજી પાસ, (૨) મુર્તી દીસે છે મુને આનંદકારી.
નમી નમી કરૂં હું પ્રણામ.
આવો સંગે ને જાઓ પ્રીતેરંગે, કાંઇ રટ ન ધરો શીવનામના.
(૨) નમો૦

ભાઈઓ કાંઇ રટ ન ધરો શીવ નામના.
શીવ નામના શીવ નામના નામના નામના નામરે કાંઇ
રટન ધરો શીવનામ.

સંસાર દુ:ખથી ભર્યો અભીમાન પણ નવ રહયો.
દેહ પતંગ રૂપ થઇ થયો, માટે શીવ શીવ ભજી લીઓ૦ કાંઈ માનો.
સુખ પામેં દુ:ખ વામો કરો કર્મ ધર્મના કામ લીઓ શીવ ધામ ધામ.
ધામ ધામરે કાંઇ રટન ધરો શીવ નામના. નમો સૌહુંઆજ૦

જગદીશ તારી કરૂણા, એ રાગ.

શીવ સત્યકારી કીર્તી છે ભારી જગને રચાવી રચના તારી. (૨)
ધન્ય ધન્ય ધારી જય જય છે ભારી, લજ્જા વધારી સુખથી સારી.
શીવ સત્ય૦

શીવ ભવ લલાટના લેખ થાત કદી નવ પાલટ અંતર જામી.
નથી ધર્મ ધ્યાની છું કર્મ કામી શીવ ક્ષમા માંગું છું શીશ નામી.
શીવ સત્ય૦
નમી માગુ માફ કરો હૃદય સાફ મુજ ઉગ્ર પાપ શીવજી સાક્ષી.
છે સામ્બ હામ થશે સર્વ કામ દીઓ આપ ધામ ચીત શુદ્ધ રાખી.
શીવ સત્ય૦

જબકે કલંધર બીન બીન ફીરકર, એ રાગ.

સત્વર તત્વર થઇને શંભુ દરશન દેવા જાઓ છો.
દુઃખી જનોને દરશન આપી સત્ય ટેક નીભાવો છો.
જય જય ધન્ય ધારી ગુણ ગાએ નરનારી (૨)
દાસ હરીચંદ્રની નીભાવી કેમ ટેક રૂષીએ તો મન માની
ક્રોધથી વીશેક. જય જય ધન્ય ધારી૦ સત્વર૦

જીુક લાગે નેના, એ રાગ.

શીવજી નમુ નમુ આ વાર, (૨) સાહ્ય કરો અવસાનમાં. (૨)
અવસાનમાં અવસાનમાં, શીવજી નમુ આ વાર.
ભવ અટવીમાં હું બહુ અથડાણો રાખી અતિ અભીમાન. (૨)
ભવ તારો સુધારો જન્મારો અમારો (૨) શીવજી નમું૦
નામ સદાશીવ ઘટમાંએ અટક્યું સાચુ સદાશીવ નામ.(૨)
તે તનમાં છે મનમાં આસનમાં આવનમાં (૨) શીવજી નમું૦
તે માટે શીવ શીવ ધરી હયો હૈએ કષ્ટ કપા એ તમામ.
બહુ સાચું મુખ ભાખું નવાકુ ન કાચું શીવજી નમું૦

કામ છે દુષ્ટ વિકારી, એ રાગ.

એક તનમાં છે આશ તમારી (કૃપાસીંધુ) તનમાં છે આશ તમારી.(૨)

મુખ તેજ કાન્તિ ચંદ્ર પ્રકાશી, (૨) નીરખી નયન મુજ સુખકારી.
કૃપાસીંધુ૦
ચરણુ કમળ વિભુ સેવું તમારા,(૨) અવર ઇચ્છા નવ કોઇ મારી.
કૃપાસીંધુ૦
ચીત વીકળીત બહુ વિભ્રમ મારૂ(૨) થઇ મુજ ગતિ અતી દુઃખીયારી.
કૃપાસીંધુ૦
તમ દરશનનો ભાવીક બહુ છું,(૨) પ્રતિનીધ મમ પીતુ દુઃખ હારી.
કૃપાસીંધુ૦
પલ પલ ઘટઉર સ્મરણુ ચહું છું,(૨) રદય રટન દયો ત્રિપુરારી.
કૃપાસીંધુ૦

આવો આવો ન સતાવો નાવલીયાં, એ રાગ.

પ્રીત કરી ન સતાવો શીવ બાવરીયાં. (૨)
બાવરીયાં મન ગાભરીયાં. પ્રીતકરી૦
હવે તર છોડો નહી સામ્બ, તમ વીના સ્વપ્ન વિશરામ.
લાગે સંસાર વીષ સમાન, ભવ ભાળી થયો છું બેભાન.
તારો તારો કોઇ કદીન સાગરીયાં. પ્રીત કરી૦
મારો પામર જીવ ગભરાય, કર ધરોને હેજગરાય.
રંક બાળ થરર કંપાય, નમી રહયો શરણુ નીમાંય.
આવો આવો ત્રિશુધારી તારો સાગરીયાં. પ્રીત કરી૦

રાજનાહી ક્રુર હીરજી તમોને ધીક્ક છે, એ રાગ.

શીવરાજ શીરતાજ છત્ર છાય દીયો સદા. (૨)
બાળ આજ શરણુમાંજ રાખો લાજ સંપદા.
શીષ્યજ સરવને શરણેજ રાખો, સુમતિ આપો સ્થીરજ
સ્થાપો સ્થાપો સદા.

શંભુદા૦ બાળ આજ૦
ભવ ભવ ભટકયો અંત મહી અટકયો, ભવજતારો શીવજી
મારો તારો.

આજ અનંદતા૦ બાળ આજ૦
ભક્ત તમારો આજે ઉમંગે,
ગુણ જગાએ શીર નમાએ સાહ કરો વિશંભરા. બાળ આજ૦

થયા છોરે પતિ તેજપ્યારી તનના, એ રાહ.

થયો છેરે અમ સફળ જનમ, શીવ દરશનથી આજે.
શંકર સ્વામી અંતર જામી, જગત વિશે પ્રખ્યાત. (૨)
જટાધારી, ગુણકારી, ભસ્મધારી, ત્રિપુરારી, અતિ આનંદથી શીવ
શંભુ સદા છું દરશનથી રાજી. થયો છેરે૦
ગણપતિજ ગુણવાન પુત્ર છે, આપ ઘેર પ્રખ્યાત, (૨)
શી છે ક્રાન્તિ, નથી ભ્રાન્તિ, સુખ શાન્તિ, યશ ગાન્તિ,
છો આપ નીરંતર અવીચળ કૃષિકળ ગુણ જ્ઞાની બળવત૦
થયોછેરે૦
અર્ધાંગે ઉમૈયા બીરાજે શીરપર શોભીત ગંગ, (૨)
ખળખળતાં, જળજળતાં, નીર પડતા, અધહરતાં,
દીઓ દુઃખી જનોને દરશન આજે સફળ જનમ કાજે.
થયો છે રે૦
હું અપરાધી તમ તણો શીવ, સફળ કરો મુજ તન. (૨)
ત્રિપુરારી, ઓંકારી, ત્રિશુધારી, ભવતારી,
કહે **મહીપત** કર જોડી મતી થોડી દીઓ મોક્ષ દારી.
થયો છે રે૦

જલદી હુકમ થયોરે, એ રાગ.

શીવજી સંભાળી લેજોરે, મુનેરે, શીવજી દેહનો ભરૂસો નથીરે. (૨)
મુને૦
કાળ કરણુ છે, શીસ્ય ચરણુ છે, ધર્મ નીતી કાંઇ નવ સુજીરે. મુને૦
જલદી જાવુ છે મુને રે દરશનને કાજે, જલદી જાવુ છે મુનેરે
દરશનને૦
આતુરતા તન, મુઝાયે બહુ મન, આ વખત રહયો હવે થોડો રે.

સાખી.

હુકમ હરનો શીરપર ધરૂં, ચરણુ ગ્રહું દીન રાત.
મુગતા માળા મન ગ્રહી, રટન કરૂં શીવ તાત. દરશનને૦
આ સંસાર પતગીયો, જાણ્યો છે જગમાંય,
તન મન ધન તૃણા નહી, સહાય કરો યદુરાય. મુને શીવજી૦
જે જન ભક્તિ ભાવથી, પાળે પ્રતિ પ્રેમ,
જન્મ સફળ દરશન થકી, રાખે શીવજી ક્ષેમ. દરશનને૦

અચળ અમલ અમપકર રાજેશ તું, એ રાગ.

શીવ સરવ કર ધર હમપર ગરીબોના તું. શીવ તું૦ (૨)
સહાય છે તારી જગ સુખકારી જય જય શીવ સુખતું. (૨)
શીવ સરવર૦
પ્રેમ પ્રતાપી છો આપ મહેશ, કીર્તી ઝામી જગ મગજગેશ.
ગુણુથી ગમે, ચરણુને નમે, શીસ્ય આ સમે, સુખ કરજો દુઃખ હરજો.
કરજો કરૂણા શીવ સૌહું કર ધરી તું. શીવ સરવર૦

ચાલો દરશન ભોજન કરીશું, એ રાગ.

ચાલો સજ્જન સરવે દરશન કરવા સાથ મળીને આજ. (૨)
ચાલો સાથ મળીને આજ, (૨)
બેઠા સમાધી ધારી શંભુ અકળ અનંગ સ્વરૂપ. (૨)
ખાખ લગાવી ધુમ મચાવી, રંગ ભંગના ભુપ. (૨) ચાલો૦
પતિવૃતા પારવતી આવ્યાં, ભીલ ધરીજ સ્વરૂપ. (૨)
નાચ જમાવ્યો ભંગ પડાવ્યો, સાંભ્બ સમાધી ચુપ. (૨) ચાલો૦

ગુન ભરી ધુન મોરી સુન પ્યારે, એ રાગ.

શીવ ભક્ત ભજન થકી દુઃખ હારે, જગત સુધારણ તારણ સ્વામી.
વિશ્વ વેદ અતી પ્યારે, શીવ ભક્ત૦
ગૌર વરણ પર ભસ્મજ ધારી, જટા ગંગા સોહાવે.
નીરમળ જળ હર હર મહી, વહીતા આનંદ ઊર મનમાંહે.
શીવ ભક્ત૦
મૃગ ચર્મ પર આસન ધારી, સાધત યોગ્ય સમાધી.
રટત નામ અંતર શુદ્ધ રાખી, હર હર શીષ્ય પુકારે. શીવ ભક્ત૦
ભક્ત તમારો અતી પતીયારો, વાર વાર ગુણ ગાવે.
કર જોડી કહે **મહીપત** પ્યારો, જન્મ મરણ શીવહારે.
શીવ ભક્ત૦

ભેરવી.

શીવ ભજરે મન છોડી મમતા,
નહી કોઈ તારૂ, શીવ વીણુ બારૂ રે, શાને ભટકાવે મન તારૂ.
શીવ ભજન અતીશય પ્યારૂ. શીવ ભજરે૦
તજ મન મમતા અતી ઘણી, પલ ઘડી જીવ જાય શતણી.
હર હર સ્મરણ જીવતું ભજી, મમતાજ તજી. શીવજી ભજરે૦

માલની છંદ.

ભજ ભજ શીવ પ્રાણી મોહ વૃત્તીજ છોડી.
તજ તજ જીવ આશા ભક્તી ભાવેજ દોડી.
નથી નથી કોઇ તારૂ મોહ માયાજ જુઠી.
સમજ સમજ પ્રાણી ભક્તી સાચી સુજાણી.
અમર અમુલ્ય દેહી રત્ન જેવી ભમાવે.
શીવ શીવ ભજ પ્રાણી મોક્ષ પદ શીદ ગમાવ.

રાગ—હટો બિનતી કીશન.

કરે લટક ચટક મટક નટક ભારીરે,
હો શંભુ ભોળા નાથને ભોળાવીયાં. (૨)
બાજત સારંગ સુર ગાજત ઘુઘરીયાં. (૨)
તેવો રંગ રસ ભર્યો આવીએ ભીલડીયાં. (૩)
શંભુ ભોળા નાથ૦
નાચત ગજેંદ્ર માત મૃદંગી તાલ ધમ ધમાટ. (૨)
તેથી હરી લીધું તન મન આવીએ ભીલડીયાં. (૩)
શંભુ ભોળા નાથ૦

રાગ—પાણી ભરવા હું ગઇ તીરે.

પુજન કરવાને ચાલો રે, સાહેલી સૌ સંગે
પુજન કરવુ છે મારે રે, પતિસેવા શુભ રંગે.

સાખી.

શીવ શંકર ભોળા પતી, મનહર વસીયાં આજ.
નવ રંગીત મંદીર મહી, શોભે શીર મુજ તાત.
સખી ચંદન પુષ્પના હાર, થાળ મહીં ધરીએ,
લઇ અક્ષત કંકણુ હાથ, પ્રેમે પ્રભુ રિઝવીએ. પુજન૦
નમો સદા સૌહુ હેતથી, સાહેલી સંગાથ,
રાસ લીધો મંડપ મંહી, હર હર હેતથી સાથ.
જય જય વિજયના વેણુ મનમાં હરખે રે, (ફરીથી તીતાલ)
હળી મળી સૌહું સૈયર આજ શીવજી નીરખેરે૦
શું શોભે મધુ રાતડી, ચંદ્ર ચડયો આકાશ,
પુજન વિધ વિધી તણી, કરશું સૈયર સાથ. પુજન૦

રાગ—આતુર સૃંગાર છો વાહરે વા:

ધન્ય ધન્ય દીન આજ છે સુખકારી, (૨)
બલહારી જાઉં વારંવારી, શીવજીપર જાઉ. (૨) ધન્યધન્ય૦

નીરખી છબી શીવ ગુણવંતી વ્હાલી, (૨)
જીવનના અંતરના આધાર છો દુઃખ હારી. ધન્ય૦

સાખી.

ઉત્તમ દરશન તમતણા, દરશનથી દુઃખ જાય.
જનમ જનમ માગું સદા, અપચરણ સુખદાય.
આતુર છું આ વખત શંભુ ભારી, (૨) ધન્ય ધન્ય૦
કૈલાસ વાસ બીરાજે મહેશ્વર, (૨)
મુરતી મંદીરની મોઝાર શોભીત સારી ધન્ય ધન્ય૦
ઇંદ્રપુરી બ્રહ્મ દેવતા, વસે દેવ કૈલાસ,
વીર હનુમંત ગરજી રહયા, સત્ય દેવ પ્રકાશ,
નમું છું આ વાર શરણ તમારી. (૨) ધન્ય ધન્ય૦

રાગ—સુણ દાસી આજે કર તું સૌ તૈયારી. દીંડી.

શીવજી સત્ય છો સ્વરૂપ આપ ભારી, (૨)
યોગીરાજ અખિલ અરૂણ બ્રમ ચારી,
ધરો છો ધ્યાન સમશાંન ત્રિપુરારી. શીવજી૦

ભાલ ચંદ્ર તેજ ક્રાંન્તિ વિભુ તમારી,
શાંન્તિ મગ્ન રદય ગલીત ગભ ભારી,
મૃગ વિશાળ રૂંઢ માલ કંઠ ધારી. શીવજી૦

અલખ નામ શુદ્ધ ભજન ઉર ઉરતારી,
કામદેવ તેજ સમય પ્રગટ સંગ નારી,
ક્રોધે ભસ્મ કરીને અર્જે ઉર ધારી. શીવજી.

ગૌવરીહાર વિશ્વાધાર વિનતી મારી,

ભીડ ભંજન ઘો સુમતિ મુજ સુધારી,
શીશ્ય ચરણુ ગીરન અર્જ હ્યો સ્વીકારી. શીવજી૦

રાગ—પુનમચાંદની ખીલી પુરી અહીંરે.

શીવજી ચંદની શોભીત દીસે આજનીરે. (૨)
સૈયર સંગે રમે સતી માજી સાથ, હેતે ભજે છે નીરંજન નાથરે.
શોભે સજની સુંદર શી સાથમાંરે,
હસ્તી વસ્તી વિજીઆ તાલીલે છે હાથ. હેતે૦

સાખી.

સાહેલી સરખી મળી, મન માની સૃંગાર;
પુજન કરવા પ્રીતથી, મંદીરની મોઝાર.
થાએ અરસ પરસ ભલી ભાત મારે, (૨)
ભાવે હરે ફરે સતીમાજી સાથ. હેતે૦
જળધારા ઝીણી વહી, સરસર શીર મોતીયંન,
પત્ર પુષ્પ બીલ ચંદના, ચડે મંત્ર સુગંધ.
વાઝયાં ગાઝયાં વાજા વિવિધ પ્રકારનારે. (૨)
શોભે સૈયર સહુ સતીમાજી સાથ. હેતે૦

છત્ર મુકટ હીરે જડયાં, શોભા બની અતી સાર,
રત્ન વેલ રળીયા મણી, મણી ધર કંઠન હાર.
લળકે જળકે જગ મગમાજી સતી સાથમાંરે,
સોહે ઝાંઝરતણો ઝણકાર. હેતે૦

જય જય ત્રિભુ ઉમૈયા પતી, સદા કરો કલ્યાણ,
જનમ જનમ માગે સહુ, મોક્ષ દીઓ અવમાન.
હળી મળી ગુણ ગાઓ શીવ સામ્બનારે,
થાશે સતી માજી રાજી સૈયર સાથ૦ હેતે૦

રાગ—ક્ષત્રી કલંક.

શીવ સતતત કરો કરૂણાય, ચરણુ શીશ્ય સુખ પામેરે૦

ભજે ભક્તી સદા જગ રાય. ચરણ૦
આવે સજ્જન સહુ દરશન. ચરણ૦
કર ધરે બીલી કેશર ચંદન. ચરણ૦
માહે વિધ વિધ નીરમળ ફોળ. ચરણ૦
ચાલે ધુપ દીપતણા ચકચોળ. ચરણ૦
ચડે અંતર સુગંધ કેરા હાર. ચરણ૦
વાજે જાલરતણા ઝણકાર. ચરણ૦
કરે વેદ વિધી સહીત પુજંન. ચરણ૦
થાએ હર હર અતી ઉછરંગ ચરણ૦

રાગ—કોઈના સીરપર વગર વીચાર્યું માઢ.

આ દુઃખીયારો સંસારરે કેમ જાશે ભોળા નાથ. (૨)
નથી ધર્મ જ્ઞાન અપારરે કેમ જાશે ભોળા નાથ.
શી ગતિ થાશે મારી શીવજી, દોરી તમ સંગાથ. (૨)
આ અંધેરી વાટ વીકટમાં, ભટકી મર્યો દીન રાતરે. કેમ૦
તન તલખે આ તમ વીણુ શંભુ, સુજ પડે નહી કંઇ,
જળ વીણુ ભટકે જેમ માછલી, તેમ તંતુ ધડકેછે આહીરે. કેમ૦
બાળ તણી સંભાળજ લેજો, શીવજી સર જન હાર.
વંન વીકટમાંમન ગુથાણું,(૨) મંદમતિ થકી ભાન ભુલાણું.
(શીવજી નમુછું.)
તતકાળ કરો કરૂણાય, હજી શીવ સહાય કરો કરૂણાય.
કંપતી કાયની કુમતી વાણી, દુકૃતિ જાણી પશુ તપ્રાણી નમુ સદાશીવ.
તાત આ દુઃખી.

રાગ—અરેરે કૃત આ શું આચર્યું મેં.

હર હર ઈષ્ટ સદાશીવ મારા, કર્મ તણા કહું શું કષ્ટ હમારા.
હર હર ઈષ્ટ૦
અર્જ સ્વીકારો પતીત મયુરની, ભક્તી સદા નિત્ય નામ તમારા.
હર હર૦

ગર્ભ મેહી દીન રાત રટતતો, જન્મ અહી કીધા કહીન નીધારા.
હર હર ઇત્૦

બાળ યૌવનમાં નીરમળ બુદ્ધી, કૃત કરી વિધી તથ કુમતિજ કીધી.
હર હર ઈ૦

આ ભવ ભટકી દુઃખીયો થયો છું,
અંત સમય શીવજી સ્મરણચહું છું. હર હર૦

રાગ—સીતાપતી રામચંદ્ર રઘુપતી રઘુરાઇ.

ચેત ચેત સરવ મન ધન થકી જુદાઇ (૨)
ધન થકી જુદાઇ મન મોહથી ફસાઈ. ચેત ચેત૦
ધર્મ કર્મ કાયા સંગ સુખ સરવદાઇ,
જાઇશ જીવ ઉડી પછી કયાં ગઇ કમાઈ. ચેત ચેત૦
માટે રટન સાચુ ભજન શીવનું રદયમાંઇ.
ભક્તિ ભાવ અનુગ્રહીને માળા મન જપાઇ. ચેત ચેત૦
રામ રામ શુભ નામ સ્મરણ સુખદાઇ,
નહી તો પછી જીવ સંત અંત વખત નાઈ, ચેત ચેત૦
જમ દ્વારે પલ માંહે જાવું જરૂર ભાઇ,
ધર્મ ધ્યાન જ્ઞાન સાન શીવચરણમાંઈ. ચેત ચેત ૦

રાગ—લાવણી.

શિવ ભક્ત જનોને ભાવીક બહુ છો, (૨)
સામ્બ સદાશીવ બોમ ભોળ.
દરશન આવે ગુણજન ગાવે દુઃખ દરીદ્ર સૌ દુર થાવે.
પસન થઇ શીવ પ્રેમ દીઓ છો. (૨)

આપ ચરણ છે સુખ સીંધુ.

બાળ તમારા ચરણે આવે સહાય કરો છો દીનબંધુ.

આભવ પ્રાણી પાર ઉતરવા આશ ધરાવે શીવ ભોળા,

ધ્યાન ધરે છે સામ્બ સદાનું નામ કંઠ શીવ શુધ્દ માળા.
કામ ક્રોધ મદ લોભ વૃથા છે, સાચુ છે શીવ નામ ખરૂ,
ધ્યાન દઇને રહેશે જે જન, જન્મ સુધરશે કોટી થરૂ.
મારૂં મારૂં કરોછો શાને છે માયા જંઝાળ મણી.
મુગત માળા હાથ ગ્રહીને ભજન ધરો શીવ લીન બની.

રાગ—યોવન ખીલ્યું આવ્યા છીરસ પાન કરે।

શિવ ભસ્મ લગાવી બેઠા ધ્યાન ધરે (૨)
મૃગ ચર્મ પરે ગલે નાગ પેરે જટા ગંગ જરે.
હાં હાં હાં હાં શિવ૦

ભીલી રૂપથી ગયાછે સતી છળવાને,
શિવ જાગ્યા ધ્યાનથી લાગ્યા ગળવાને.
કામથી બળવાને લાગ્યા ઉછળવાને. હાં હાં હાં હાં શિવ૦
મોહની રૂપ સમાવી સતીએ વેશ લીધો,
લાજી કામ બાળી દહન શીવે કીધો.
સતીયેં નખે ધર્યો નમુંછું હરીહરો. હાં હાં હાં હાં શિવ૦

આરતી.

જય શીવ જય શીવ જય જય ત્રિપુરારી,
જય જય ત્રિપુરારી સામ્બ સદાશીવ ભોળા;
શરણાંગત તારી હર હર હર મહાદેવ,
છો શિવ શંભુ ત્રાતા, જગદીશ્વર દાતા.
ભવ દુઃખ હરજો સ્વામી ગુણ અગણીત ગાતાં.
હર હર હર મહાદેવ૦

કૈલાશી અવીનાશી શંભુ અધહારી, શંભુ અધહારી,
કેશર કુમ કુમ ચંદન અક્ષત જળધારી. હર હર હર મહાદેવ૦
છો શિવ અકળ સ્વરૂપ શીવ શક્તિ ભારી શીવ શક્તિ ભારી.
ત્રિગુણી છો ત્રિપુરારી ભક્ત ભુવન તારી. હર હર હર મહાદેવ૦
આરતી સૌહું મળી ગાઇએ શીવજી તમ શરણે,
શીવજી તમ શરણે.

આસ પુરે શીવ સહુની વીનતી ઉર ધરીએ.
હર હર હર મહાદેવ૦
જય વિભુની આરતી જે કોઇ ભાવે ગાશે. જે કોઇભાવે ગાશે,
જન્મ સફળ દરશનથી સુખ સંપતી થાશે. હર હર હર મહાદેવ૦

રાગ,—મોદક મળશે મુને પ્યારા.

આજ આનંદ શીવ મન મારા, છો શીર છત્ર અઘ હારા.
નમુ શરણુંની માંય, છો શીવ સુખદાય,
કરો સૌને સહાય જગ ત્રાતા. આજ૦
પ્યારા પ્યારો લાગો શીવ પ્રાણ હમારા,
તમ વિણ વિભુ દુઃખ કોણ હરનારા.
હરનીશ તનમાય ભવ ભજુ ત્રિપુરાય.
દીનદીન કરો સહાય પીતુતમ પડુ પાય. હર હર ઇષ્ટ હો પ્રાણ હમારા.
નમુજી. નમુજી. નમુજી. નમુજી. આજ.

જય જય થયો આજ દીન ઇશ ઉમાપતિ. (૨)
મંગળ કરો દુઃખદ હરો વિશ્વ સન્મતિ. જય જય૦
જગત સુધારણ તારણસિંધુ શ્રષ્ટી સમોવડ એક,
સત્ય દેવ શુભ નામ સ્મરીએ સુમતિ સરલ વિવેક. જય જય૦
પ્રણુત કૃપાળુ છેજ દયાળુ, ઇશ વિભુ ભય હાર,
સચરાચર શી ઝામી રચના જય જય તુજ બલ હાર. જય જય૦
ભક્ત તમારો મહીપત પ્યારો કરે અર્જ નીશદીન,
જન્મ સફળતા કરજો શીવજી હર હર શિવ આનંદ. જય જય૦
જય સામ્બ હરઃ, જય સામ્બ હર,ઃ જય સામ્બ હર,
હરોંમ હર હર મહાદેવ.હરઃ

॥ સમાપ્ત. ॥

અગાઉથી ઉત્તેજન આપનારા ગ્રાહકોના
મુબારક નામ.

૧૫ રા૦ રા૦ શેઠ હરીચંદ વાસુદેવ બાલાજી.
૧૦ રા૦ રા૦ ત્રવાડી ગૌરીશંકર પુરૂશોતમ.
૫ રા૦ રા૦ શેઠ વામનભાઇ વાસુદેવ બાલાજી.
૫ રા૦ રા૦ શેઠ શવજીભાઈ.
૫ ઠા૦ કલ્યાણજી દેવકરણુ.
૫ શોની હરીભાઈ રામજી.
૫ ત્રવાડી છગનલાલ પ્રભાશંકર.
૫ શા૦ કરસનદાસ લખમીચંદ.
૫ જોશી ધરમશી મથુરાદાસ.
૫ શેઠ નારણદાસ રાગવજી.
૫ કુમાર શ્રી મેરામણજી કાનજી.
૫ સોની ડુંગરશી કુંવરજી.
૫ શા૦ ખીમજી શામજી.
૫ શેઠ નારણદાસ ઓધવજી.
૫ શા૦ દેવશી ચોથા.
૫ શા૦ વેલજી જીવરાજ.
૫ જોશી લીલાધર લાલજી.
૫ શા૦ હરજીવન પરશોતમ.
૫ શા૦ હરજીવન રતનશી.
૪ ઠા૦ ભાગચંદ નાગજી.
૩ ઠા૦ પેરાજ કાનજી.
૨ ઠા૦ તુલસીદાસ જેઠાભાઇ.
૨ જોશી કુંવરજી નારણજી.
૨ ત્રવાડી કાશીરામ શીવશંકર.
૨ જોશી ટોકરશી હરીરામ.
૨ જોશી કાળીદાસલીલાધર.
૨ ઠા૦ લખમીદાસ બાલજી.
૨ વ્યાસ નરભેરામ દેવશંકર.
૨ શા૦ ઠાકરશી મુળજી.
૨ ત્રવાડી મુળજી જગનનાથ.
૨ ઠા૦ લખમીદાસ કાનજી.
૨ શા૦ કરમચંદ કરશનજી.
૨ ઘેલાભાઇ દેવરાજ.
૨ શા૦ શવજી પુંજા.
૨ જોશી શીવદાસ જેરામ ચાબર.
૨ ઠા૦ જેરામ દેવજી.
૨ ઠા૦ સુંદરજી થારેઆ.
૨ સોની ભગવાન દેસા.
૧ તળાજીઆ માહાશંકર વસનજી.
૧ તળાજીઆ ઓધવજી રણછોડ.
૧ ઉપાધીઆ ગીરધર જગનનાથ.
૧ રાજગોર કાનજી લધા.
૧ વ્યાસ શીવરામ કાલીદાસ.
૧ શા૦ દામોદર કલ્યાણજી.
૧ શા૦ મોતીચંદ જેઠા.
૧ શા૦ હેમરાજ પાસુ.
૧ ઠા૦ વેલજી પરશોતમ.

૧ ઠા૦ પરેમજી ખીમજી.
૧ ઠા૦ મુળજી લધા.
૧ ઠા૦ જેરામ ધનજી.
૧ શોની વાનજી દામજી.
૧ રાજગોર રણછોડ પ્રેમજી.
૧ રાજગોર ત્રીકમજી વાલજી.
૧ ત્રવાડી ખીમરામ જીવરામ.
૧ ત્રવાડી ગીરજાશંકર પ્રાણુ જીવન.
૧ ઠા૦ પરેમજી મુળજી.
૧ ઠા૦ દેવજી ખીમજી.
૧ શા૦ ચુનીલાલ લલુભાઈ.
૧ સોની નારાયણુ મહાદેવ.
૧ ઠા૦ નથુ રામજી.
૧ ભટ ગોવિંદજી જાદવજી.
૧ શા૦ ગણુપત વીજપાર.
૧ શા૦ રવજી રણુશી.
૧ શા૦ માણુકલાલ પરશોતમ.
૧ શા૦ ડાહ્યાભાઈ જમનાદાસ.
૧ શા૦ દામોદર પરશોતમ.
૧ ભટ દયાળ મહાશંકર.
૧ ભટ વસનજી કાળીદાસ.
૧ સોની લખા ભીમા.
૧ શા૦ શવજી દેવરાજ.
૧ ઠા૦ વશનજી ભોજરાજ.
૧ પુઉજા શામજી તેજપાલ.
૧ ઠા૦ જીવણુદાસ રામદાસ.
૧ ઠા૦ જીવણુદાસ પ્રેમજી.

શ્રી શિવભક્ત આનંદ ઉપદેશ ગાયનોની ચોપડીયો
મળવાના ઠેકાણા નીચે મુજબ.

શ્રી ભુલેશ્વર નજદીક રા૦ રા૦ શેઠ શા૦ ચુનીલાલ લલુભાઈને ત્યાં મળશે. ભુલેશ્વરની લાઈનમાં મીઠાઈવાળાની ખડકમાં બીજે દાદરે.

શાહ હરજીવન પરશોતમ મહારાજના બોઈવાડામાં ગુલાલ વાડીને નાકે કાપડની દુકાન

વીઠલ વાડીમાં સોની જાલા વીરજીભાઈની દુકાને ત્રવાડી ગવરીશંકર પુરશોતમ પાસેથી મળશે

બારભાઈના મોહોલામાં રા૦ રા૦ શેઠ વાસુદેવ બાલાજીના માળામાં ત્રીજે દાદરે ત્રવાડી મહીપતરામ નરભેરામ માલેક પાસેથી મળશે.

શા રણછોડલાલ હિરાલાલની કંપની ઠા૦ ત્રાંબાને કાંટે ખાટલી વાલા મોહોલાને નાકે દોરા બનાવાનું કારખાનું.

શીવજીના પ્રેમી ભક્તો ! શ્રી શીવભક્ત આનંદ ઉપદેશ ચોપડી તે એક અમુલ્ય રતનથી અધીક ગણાય તો તેમની કીમત તો થતીજ નથી. પરંતુ ઉતેજન આપનારા ગ્રાહકોના અતી આગ્રહને લીધે ઘણીજ કીફાયત કીમત રાખવામાં આવી છે. માટે તે કીમતના નાણા નકલ મળેથી તરતજ વસુલ કરશો.

પાલીટાણા મધ્યે ત્રવાડી હરગોવીંદ નરભેરામ ઠે૦ શ્રી ભઈરવ પુરામાં પોતાની દુકાને મળશે.

બહારગામનાં મંગાવનારા ગ્રહસ્થો પાસેથી ટપાલ ખરચનો અરધો આનો કીમતથી વધારે લેવામાં આવશે. નાટપેટ કાગળો લેવામાં આવશે નહી.

કર્તા,

ત્ર૦ મ૦ ન૦